
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨૯ ૯ ફેબ્રુઆરી, ૨૦૧૮, શુક્રવાર ; મહા વદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## અયોધ્યા મામલે સુપ્રીમમાં ૧૪મી માર્ચે સુનાવણી

**કેટલાક દસ્તાવેજો અને અનુવાદના પાના હજુ રજૂ ન થયા : ૨.૭૭ એકર બાબરી મસ્જિદ રામજન્મભૂમિ વિવાદાસ્પદ જમીનની માલિકી અંગે નિર્ણય કરવાના મુદ્દે સુનાવણી પર તમામ સંબંધિત પક્ષોની નજર કેન્દ્રિત**



નવીદિલ્હી, તા. ૮

સુપ્રીમ કોર્ટે આજે વિવાદાસ્પદ અયોધ્યા વિવાદમાં ૧૪મી માર્ચના દિવસે આગામી સુનાવણી કરવાનો નિર્ણય કર્યો હતો. બાબરી મસ્જિદ રામ જન્મભૂમિ વિવાદાસ્પદ જમીનની માલિક નક્કી કરવાના સંદર્ભમાં હવે ૧૪મી માર્ચના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં કેટલાક દસ્તાવેજો અને અનુવાદના પાના આજે પણ રજૂ કરી શકાયા ન હતા. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા દિપક મિશ્રા અને જસ્ટિસ અશોક ભૂષણ તેમજ એસએ નઝીરન બનેલી ત્રણ જજની બેંચ આ કેસમાં સુનાવણી ચલાવી રહી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ ખુબ જ સંવેદનશીલ મામલો હોવાથી આ મામલામાં ગંભીરતાપૂર્વક આગળ વધવાની જરૂર દેખાઈ રહી છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં કોર્ટે ૨૦૧૦ અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા સામે સિવિલ અરજીઓ ઉપર સુનાવણી ફેબ્રુઆરી મહિનામાં હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં ઉત્તર પ્રદેશ સિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડે સુપ્રીમ કોર્ટ સમક્ષ દશક જુના વિવાદના ઉકેલ માટે એક દરખાસ્ત સુપ્રીમ કોર્ટમાં રજૂ કરી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, અયોધ્યામાં મંદિર બનાવી શકાય છે અને મસ્જિદ લખનૌમાં બનાવી શકાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ ગાંધી તેમના પણ હવે નેતા બન્યા : સોનિયા ગાંધી

**સંસદીય દળની બેઠકમાં તમામ શંકા દૂર કરાઈ : ગુજરાત અને રાજસ્થાનમાં સારા દેખાવ બાદ કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટી સારો દેખાવ કરશે : સોનિયા ગાંધીને આશા**

નવીદિલ્હી,તા. ૮

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ આજે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, રાહુલ ગાંધી હવે તેમના પણ બોસ છે. પાર્ટીની સંસદીય બોર્ડની બેઠકમાં સોનિયા ગાંધીએ પોતાની ભૂમિકાને લઈને તમામ શંકાઓ અને અફવાઓ ઉપર પૂર્ણવિરામ લગાવવાના પ્રયાસ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અમારી પાસે આવેલા નવા કોંગ્રેસ અધ્યક્ષ છે. અમે તમામ તેમને શુભકામના આપીએ છીએ. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી હવે તેમના પણ લીડર છે. આ સંદર્ભમાં કોઈને પણ શંકા રાખવી જોઈએ નહીં. રાહુલ ગાંધીને કોંગ્રેસ પાર્ટીની જવાબદારી સોંપી દીધા બાદ સોનિયા ગાંધીએ રાજકીય નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. રાજનીતિમાંથી નિવૃત્તિ લેવાની વાતને લઈને હોબાળો પણ થયો હતો. જો કે, કોંગ્રેસ પાર્ટી તરફથી કહેવામાં આવ્યું હતું કે, સોનિયા ગાંધી માત્ર અધ્યક્ષ પદેથી નિવૃત્ત થયા છે.

રાજનીતિમાંથી નિવૃત્ત થયા નથી. સંસદીય બોર્ડની બેઠક દરમિયાન સોનિયા ગાંધીએ મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે કેન્દ્રની સરકાર મહત્તમ પબ્લિસીટી, ન્યૂનતમ સરકાર, અધિકતમ માર્કેટિંગ, ન્યૂનતમ ડિલિવરી ઉપર કામ કરી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### યુએસ આર્મીનો સીરીયા પર હૂમલો

અમેરિકન ગઠબંધન સેનાએ સીરીયા પર જોરદાર હૂમલો કર્યો છે. આ હૂમલામાં સૌથી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હોવાનો દાવો કરાયો છે.

### બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રીને જેલ

બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી ખાલિદા ઝીયા વિરૂદ્ધ ભ્રષ્ટાચારના આરોપો સાબિત થયા છે. કોર્ટે તેમને પાંચ વર્ષની જેલની સજા સંભળાવી છે. ખાલિદા હવે બાંગ્લાદેશમાં થનાર સામાન્ય ચૂંટણીઓમાં ભાગ નહી લઈ શકે.

### મંત્રી ગીરીરાજસિંહ પર જમીન પચાવી પાડવાનો આરોપ

મોદી સરકારમાં મંત્રી અને બિહારના સાંસદ ગીરીરાજસિંહ પર જમીન પચાવી પાડવાનો આરોપ લગાવાયો છે. પટનામાં આ મામલે એફઆઈઆર દાખલ કરાઈ છે.

### ડ્રાઈવિંગ લાઈસન્સને આધારકાર્ડ સાથે લીક કરવું પડશે..!!

ટૂંક સમયમાં જ તમારે ડ્રાઈવિંગ લાઈસન્સને આધાર સાથે લિંક કરાવવું પડશે. નકલી લાઈસન્સો પર લગામ લગાવવા માટે કેન્દ્ર સરકાર આ પગલું ઉઠાવવા જઈ રહી છે. નકલી લાઈસન્સ પર લગામ લગાવવા માટે એક સોફ્ટવેર પણ ડેવલપ કરવામાં આવી રહ્યું છે, તેના દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સને આધાર સાથે લિંક કરવામાં આવશે.

## ત્રાસવાદીઓ માટે શ્રીનગર સેન્ટ્રલ જેલ સ્વર્ગસમાન છે

જમ્મુ,તા. ૮

શ્રીનગર સેન્ટ્રલ જેલમાં બંધ રહેલા લશ્કરે તોયબાના ખતરનાક ત્રાસવાદ઼ નવીદ જટને જે રીતે ત્રાસવાદઓએ હોસ્પિટલ પર હુમલો કરીને

**સ્ટાફની મિલીભગતના કારણે નાવીદ ફરાર થયો જેલની સુરક્ષા વ્યવસ્થા પર પણ હવે ગંભીર પ્રશ્નો**

છોડાવી લેવામાં સફળતા મેળવી તેને લઈને જેલની સુરક્ષા સામે ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. એવી ચોંકાવનારી માહિતી સપાટી પર આવી છે કે જેલના સ્ટાફની મિમીભગતના કારણે જ નવીદ ફરાર થવામાં સફળ રહ્યો છે. ત્રાસવાદીઓ માટે શ્રીનગર સેન્ટ્રલ જેલ હવે સ્વર્ગસમાન છે. ત્રાસવાદીઓ માટે જેલમાં તમામ સુવિધા રહેલી હોવાની વિગત મળી રહી છે. એમ માનવામાં આવે છે કે, જેલમાં કેદીઓ માટે ઈન્ટરનેટ ડેટાપેકવાળા સ્માર્ટ ફોનથી લઈને કાશ્મીરી વાજવાન મીટની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જેલમાં અહીં નિયમો હાસ્યાસ્પદ તરીકે દેખાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## રેણુકા ચૌધરીના હાસ્ય પર મોદીની કોમેન્ટથી રાજ્યસભામાં મહાભારત

**રાજ્યસભામાં કોંગ્રેસના સભ્યો દ્વારા જોરદાર ધાંધલ ધમાલ : વડાપ્રધાન મોદી નિવેદન બદલ માફી માંગે તેવી કોંગ્રેસના સભ્યોની માંગણી કામગીરી મોકૂફ થઇ : વિપક્ષના મહિલા સાંસદો ઉપરાષ્ટ્રપતિ નાયડુને મળ્યા**

નવી દિલ્હી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કોંગ્રેસના વરિષ્ઠ નેતા રેણુકા ચૌધરીના સંબંધમાં કરવામાં આવેલી ટિપ્પણીના કારણે વિવાદ વધી રહ્યો છે. આજે રાજ્યસભામાં કોંગ્રેસે આને લઈને જોરદાર ધાંધલ ધમાલ મચાવી હતી. સાથે સાથે કોંગ્રેસ તરફથી માફીની માંગ કરવામાં આવી હતી. રેણુકા ચૌધરીએ આ ટિપ્પણીને અંગત તરીકે ગણાવીને મોદી પર પ્રહારો કર્યા છે. કોંગ્રેસના નેતાઓએ કહ્યુ છે કે વડાપ્રધાને વિવાદાસ્પદ નિવેદન કર્યુ છે. રેણુકા ચૌધરીએ કહ્યુ છે કે તેઓ કોઈની પત્નિ છે. કોઈની માતા છે. તેમનુ અપમાન કરવામાં આવ્યુ છે. રાજ્યસભામાં આજે ધાંધલ ધમાલ જારી રહી હતી. જેથી રાજ્યસભાની કામગીરી બપોર સુધી મોકુફ કરી દેવામાં

આવી હતી. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે અસલ અંદાજમાં દેખાયા હતા. વર્ષ ૨૦૧૪માં જે રીતે ચૂંટણી પ્રચારમાં આક્રમક નિવેદન કર્યા હતા તેવી જ રીતે નિવેદન કરીને કોંગ્રેસ પાર્ટીની તમામ પોલ ખોલી હતી. મોદીએ કોંગ્રેસને એક એક આક્ષેપોના જવાબ આપીને કહ્યું હતું કે, અમે મેન ચેન્જર નહીં એમ ચેન્જર છે.

● અનુસંધાન પાન-૭ પર

## શેરબજારમાં મંદી પર બ્રેક

મુંબઈ,તા. ૮

શેરબજારમાં છેલ્લા સાત સેશનથી ચાલી રહેલી જોરદાર મંદીનો અંત આવતા કારોબારીઓ અને રોકાણકારોને અંતે રાહત થઈ હતી. છેલ્લા સાત કારોબારી સેશનમાં ટોપની મહાકાય કંપનીઓને ભારે નુકસાન થઈ ચુક્યુ છે. આજે રિક્વરી રહેતા કારોબારના અંતે સેંસેક્સ ૩૩૦ પોઈન્ટ રિક્વર થઈને ૩૪૧૩ની સપાટી પર બંધ રહ્યો હતો.

## નરેન્દ્ર મોદી આજથી ૩ દેશની વિદેશ યાત્રાએ જશે

ન્યુ દિલ્હી, તા.૮

પ્રધાનમંત્રી નરેદ્ર મોદી ૩ દેશની વિદેશ યાત્રા માટે આજથી રવાના થશે. આ વખતે પ્રધાનમંત્રી મોદી ફિલિસ્તાન, યુએઈ અને ઓમાનની યાત્રા કરશે. પીએમ મોદીની યાત્રા દરમિયાન ભારત અને ખાડી દેશ વચ્ચે વેપાર, રોકાણ, સુરક્ષા, આતંકવાદ વિરુદ્ધ સહયોગ, ઉર્જા સહિત અનેક મહત્વપર્ણ દ્વિપક્ષીય સંબંધ પર ભાર આપવામાં આવશે. પીએમ મોદીની આ મુસાફરી ૧૨ ફેબ્રુઆરી સુધી રહેશે.

પ્રધાનમંત્રી નરેદ્ર મોદી ત્રણ દેશની વિદેશ યાત્રા દરમિયાન યુએઈની પણ મુલાકાત લેશે. પીએમ મોદીની યુએઈની આ બીજી યાત્રા છે. પીએમ મોદી અહીં છઠ્ઠા વર્લ્ડ ગવર્મેન્ટ શિખર સંમેલનને સંબોધિત કરશે.

## ચીને ડોકલામમાં ૨૫ તંબુ બાંધ્યા

ડોકલામ, તા.૮

ચીન પોતાની હરકતોથી બાજ નથી આવી રહ્યું, ડોકલામમાં ચીને ફરી એકવાર ભારતને ઘેરવાનું કામકાજ શરૂ કરી દીધું છે. એક ગુપ્ત રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીને ડોકલામમાં ૨૫ તંબુ લગાવી દીધા છે. ચીને ત્રણ બાજુથી ભારતને ઘેરવાની કોશિશ કરવામાં લાગ્યું છે, એકબાજુ પાકિસ્તાન, બીજીબાજુ ચીન અને ત્રીજી બાજુ દક્ષિણ માલદીવ. માનવામાં આવી રહ્યું છે કે જેમ પાકિસ્તાનની પાછળ ચીન ઉભું છે, એવી જ રીતે માલદીવની બગડેલી પરિસ્થિતિ પર ચીનની બાઝ નજર છે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ડોકલામમાં ચીનની ઈરાદો બરાબર નથી. બીજી એક ખાસ ગુપ્તચર એજન્સીએના રિપોર્ટમાં પણ કહેવાયું છે કે ચીન ડોકલામમાં ફરી નિર્માણ કર્યા શરૂ થઈ ગયું છે. ઉત્તરીય ડોકલામની સાથે પશ્ચિમી ડોકલામમાં પણ નિર્માણ કાર્ય શરૂ કરી દેવાયું છે. ચીને અહીં ૨૫ નાના-મોટા તંબુઓ લગાવી દીધા છે, અહીં તે પોતાના જવાનોને એકઠા કરી રહ્યું છે.

## ભારતમાં ૧૧ ટકા વસતી બેરોજગાર

ન્યુ દિલ્હી,તા.૦૮

શ્રમ મંત્રાલયના આંકડાઓ પ્રમાણે રોજગારી ક્ષેત્રે ચિંતાજનક સ્થિતિઃ મહિલાઓમાં બેકારીનું પ્રમાણ ૮.૭ ટકા જેટલું ભારતના અર્થતંત્રમાં છેલ્લા કેટલાક સમયથી આવેલી ખરાબ સ્થિતિને પગલે દેશમાં રોજગારી ક્ષેત્રે અત્યંત ચિંતાજનક ચિત્ર બહાર આવ્યું છે. કરોડો યુવાઓને ઉચ્ચ ડિગ્રી મેળવ્યા પછી પણ કોઈ નોકરી ન મળતાં સ્થિતિ વધુ ગંભીર બની રહી છે ત્યારે બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પકોડા વેચવા પણ એક પ્રકારનો રોજગાર છે તેમ કહેતાં મામલો બગડ્યો છે. વડાપ્રધાનના આ નિવેદનને સમર્થન કરતું વિધાન ભાજપ્રા પ્રમુખ અમિત શાહે પણ સંસદમાં કરતાં રોજગાર મામલે પૂરા દેશમાં મજાક શરૂ થઈ ગઈ છે. દેશના શ્રમ મંત્રાલયમાંથી મળેલા આંકડાઓ પ્રમાણે, દેશમાં રોજગારીની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. અહેવાલ પ્રમાણે દેશમાં રોજ ૫૫૦ નોકરી ખતમ થઈ રહી છે અને આજે ૧૨ કરોડ લોકો બેરોજગારીના ખપ્પરમાં છે.

આંકડાના સંદર્ભે જોઈએ તો ભારત આજે દુનિયાનો સૌથી વધુ બેરોજગારો ધરાવતો દેશ બની ગયો છે. ભારતની ૧૧ ટકા વસતી એટલે કે ૧૨ કરોડ લોકો બેરોજગાર છે.

● અનુસંધાન પાન-૭ પર











